કે.ડી. NEWS
તારીખ : 28/07/2026

# સાવરકુંડલા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં ગુરૂપૂર્ણિમાની થશે ઉલ્લાસભેર ઉજવણી

## તસ્મૈ શ્રી ગુરવે નમઃ કાલે ગુરૂપૂર્ણિમાઃ શ્રધ્ધા, ભક્તિનો સાગર ઘુઘવશે



ભારતીય સંસ્કૃતિમાં ગુરૂપૂર્ણિમા એ ગુરૂ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવાનો, આત્મચિંતન કરવાનો તથા જીવનમાં સદાચાર, સેવા અને આત્મજાગૃતિના મૂલ્યોને આત્મસાત કરવાનો પવિત્ર અવસર માનવામાં આવ્યો છે. આવતીકાલે ગુરૂપૂર્ણિમાનો દિવ્ય અવસર છે. રામકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં આવતીકાલે ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી અનેરા ભકિતભાવ સાથે થશે.શહેરો અને ગામોના આશ્રમો, મંદિરો , તથા આધ્યાત્મિક કેન્દ્રોમાં આવતીકાલે ગુરૂપૂજન, સત્સંગ, ગીતા પાઠ, ધ્યાન શિબિર, ભજન-કીર્તન, શોભાયાત્રા, મહાપૂજા, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે.

તારીખ : 28/07/2026


# સાવરકુંડલા તાલુકાના શેત્રુંજી કાંઠાના ૧૮ ગામો પૂરથી પ્રભાવિત

# બોરાળા ગામ કલાકો સુધી સંપર્ક વિહીન



સાવરકુંડલા તાલુકામાં છેલ્લા દસ દિવસમાં બે વખત અંધારાધાર વરસાદને કારણે શેત્રુંજી નદીના કાંઠા વિસ્તારના આશરે ૧૮ જેટલા ગામો પાણીના પૂરથી પ્રભાવિત થયા હતા. તેમાં ખાસ કરીને સાવરકુંડલા તાલુકાનું બોરાળા ગામ કેટલાક કલાકો માટે સંપૂર્ણપણે સંપર્ક વિહીન બની ગયું હતું.ગ્રામજનોના મતે આ વિસ્તારમાં પાણી વધુ પ્રમાણમાં ભરાઈ જવાનું મુખ્ય કારણ જીરા રોડ રેલવે સ્ટેશનનો ટ્રેક છે. આ ટ્રેક પર બે નાના પુલ બનાવવા છતાં પાણીનો નિકાલ યોગ્ય રીતે થઈ શકતો નથી, જેના કારણે બોરાળા અને આસપાસના વિસ્તારમાં પાણી ભરાઈ જાય છે. આ પૂરને કારણે આશરે ૧૯૦૦ એકર જમીન ડૂબી ગઈ તેમજ ધોવાઈ ગઈ છે.સૌથી ચિંતાજનક બાબત એ છે કે રેલવે વિભાગે પાણીના નિકાલ માટે ત્રણ મોટા ભૂંગળા મૂકીને જે પુલિયું બનાવ્યું છે, તે પાણીના નિકાલ માટે પૂરતું સક્ષમ નથી. આ પુલિયાની બાજુમાંથી પણ ટ્રેક નીચેની જમીન ધોવાઈ ગઈ છે. જો ભવિષ્યમાં વધુ પાણી આવે તો રેલવે ટ્રેક નીચેથી ધોવાઈ જવાની પૂરી શક્યતા છે. વળી, આ પુલિયામાં કચરો ભરાઈ ગયો હોવા છતાં રેલવે વિભાગે તેનો નિકાલ કરવાની કોઈ તાત્કાલિક કાર્યવાહી કરી નથી, જેના કારણે ટ્રેકને નુકસાન થવાનું જોખમ વધી રહ્યું છે.ગ્રામજનોની માંગ છે કે રેલવે વિભાગ તાત્કાલિક ધોરણે પુલિયામાં ભરાયેલો કચરો દૂર કરે અને પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરે, જેથી વધુ નુકસાન અટકાવી શકાય. તેમજ જીરા રોડથી લીલીયા તરફ આશરે એક કિલોમીટર લાંબો પુલ બનાવવામાં આવે તો શેત્રુંજી નદીમાંથી આવતા તમામ પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે અને આ વિસ્તારના ખેડૂતોની જમીન, પાક તેમજ મકાનોને નુકસાનથી બચાવી શકાય.સ્થાનિકો આ બાબતે રેલવે વિભાગ અને સંબંધિત અધિકારીઓનું તાત્કાલિક ધ્યાન દોરી રહ્યા છે.

તારીખ : 28/07/2026



# ગુજરાતી સાહિત્યના અગ્રણી કવિ અનિલ જોષીની આજે જન્મજયંતિ

ગુજરાતી સાહિત્યના અગ્રણી કવિ, ગીતકાર અને ચિંતક અનિલ જોષીની આજે જન્મજયંતિ નિમિત્તે રાજ્યભરમાં સાહિત્યપ્રેમીઓ અને વિવિધ સાહિત્યિક સંસ્થાઓ દ્વારા તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.અનિલ જોષીએ પોતાની સંવેદનાસભર કવિતાઓ અને અનોખી અભિવ્યક્તિ દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે. તેમની રચનાઓમાં પ્રકૃતિ, માનવજીવન, પ્રેમ, વિરહ અને જીવનદર્શનનું ઊંડાણપૂર્વકનું ચિત્રણ જોવા મળે છે. તેમની પ્રસિદ્ધ કૃતિ 'સમી સાંજનો ઢોલ' ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આ કૃતિએ અસંખ્ય વાચકોના હૃદયને સ્પર્શ્યા છે અને આજે પણ ગુજરાતી કવિતાપ્રેમીઓમાં એટલી જ લોકપ્રિય છે.જન્મજયંતિના અવસરે વિવિધ સ્થળોએ તેમના સાહિત્યના પાઠન, કાવ્યરસાસ્વાદ અને સ્મરણાંજલિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સાહિત્યપ્રેમીઓએ તેમના સર્જનને યાદ કરી ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રત્યેની તેમની અમૂલ્ય સેવાઓને કૃતજ્ઞતાપૂર્વક વંદન કર્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 28/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ભવ્ય શુભારંભ

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે,અમારા પરમ પૂજ્ય શ્રી ભોજલરામ બાપા તેમજ અમારા કુળદેવી શ્રી ખોડીયાર માતાજીની અસીમ કૃપાથી અમે અમારી

# શ્રી ભોજલરામ ફુલહાર

નું શુભ ઉદઘાટન કરવા જઈ રહયા છીએ. આ મંગલ અવસરે આપ સર્વે સ્નેહી જનો, મિત્રો અને શ્રેષ્ઠીઓને પધારવા માટે અમારૂ ભાવભીનું નિમંત્રણ છે.આપની ઉપસ્થિતી અમારા ઉત્સાહમાં વધારો કરશે.

**-:: શુભ મુહૂત ::-**

**અષાઢ સુદ પુનમ તા. ૨૯/૦૭/૨૦૨૬ ને બુધવાર**

**સમય :- સવારે ૯:૦૦ વાગ્યાથી આપના આગમન સુધી**

## ફર્મ - શ્રી ભોજલરામ ગારમેન્ટ

**-:: અમારૂ નવું સ્થળ નોંધી લેવું ::-**

**શ્રી ભોજલરામ ફુલહાર**

**જુનાબસ સ્ટેન્ડ રોડ, નુતનલોજ નિચે, સાવરકુંડલા**

અમારે ત્યાંથી બર્થડે લગતું ડેકોરેશન તથા અગરબત્તી જેવી તમામ વસ્તુઓ મળી જશે

**-:: નિમંત્રક ::-**

સંજયભાઈ ભીખાભાઈ હિરપરા । અશોકભાઈ ભાનુભાઈ હિરપરા

મો. ૯૯૨૪૮૬૩૨૦૯/૯૯૨૫૮૨૨૭૯૩

કે.ડી. NEWS
તારીખ : 28/07/2026

# પૂ. બજરંગદાસ બાપુના ચરણોમાં શ્રધ્ધાથી ભક્તો ઝુકાવશે શીશ

## કાલે બગદાણા ધામમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી: હજારો લોકો કરશે ગુરૂવંદના





**લગભગ દોઢ લાખ ભકતો મહોત્સવમાં પધારશે : મહાપ્રસાદમાં ૧૫ હજાર કિલો લાડવા, ૭૫૦૦ કિલો ગાંઠીયા, ૭૫૦૦ કિલો રોટલી, ૧૨ હજાર કિલો શાકભાજી, ભાત, દાળ તૈયાર કરાશે : પરિસરને રોશનીનો શણગાર**

દરમિયાનમાં ગુરૂ આશ્રમ ખાતેના ગાદી મંદિર, નુતન મંદિર સહિતના મંદિરો તેમજ સમગ્ર પરિસરને રાત્રિના રોશનીથી ઝળાહળા કરવામાં આવ્યું છે.ગુરૂપુનમના આગલા દિવસની રાત્રેથી જ બાપા સિતારામના ભક્તો બગદાણા ધામે પેદલ યાત્રીઓ સહિત ચારે દિશાઓમાંથી ગુરૂપૂર્ણિમા મહોત્સવનો પાવન લાભ લેવા મોટી સંખ્યામાં પહોંચશે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 28/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# હા...હા... ઘર આંગણાની ઓફર જે તમને બનાવશે માલામાલ...

## ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




T & C APPLY*

કુલ ઇનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

**સોનિક® જવેલર્સ લી.**

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

કે.ડી. NEWS

તારીખ : 28/07/2026

# જાફરાબાદમાં કારગિલ વિજય દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી, શહીદ વીરોને અશ્રુભીની શ્રદ્ધાંજલિ



અમરેલી જિલ્લાના જાફરાબાદના ગીરીરાજ ચોક ખાતે માનવ સેવા મંડળના આયોજન હેઠળ કારગિલ વિજય દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન કારગિલ યુદ્ધના શહીદ વીરોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને દેશ માટે સર્વસ્વ અર્પણ કરનાર જવાનોના અદમ્ય શૌર્ય, બલિદાન અને રાષ્ટ્રપ્રેમને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરવામાં આવ્યો હતો.કાર્યક્રમનો શુભારંભ દીપ પ્રાગટ્ય તેમજ "ભારત માતા કી જય" અને દેશભક્તિના ગગનભેદી નારાઓ સાથે થયો હતો. આ પ્રસંગે જાફરાબાદ તાલુકાના ભારતીય સેનામાં ફરજ બજાવી રહેલા જવાનોના માતા-પિતાનું પુષ્પહાર પહેરાવી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માનથી ઉપસ્થિત સૌમાં ગૌરવ અને દેશભક્તિની ભાવના વધુ પ્રબળ બની હતી.ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોએ કારગિલ યુદ્ધના શૂરવીરોના બલિદાનને યાદ કરતાં પ્રેરણાદાયી પ્રવચનો આપ્યા હતા. તેમણે દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષા માટે સૈનિકોના અમૂલ્ય યોગદાનને બિરદાવ્યું હતું તેમજ યુવાનોને દેશસેવાની ભાવના અપનાવવા આહ્વાન કર્યું હતું.કાર્યક્રમ દરમિયાન શહીદ વીરોની પવિત્ર સ્મૃતિમાં બે મિનિટનું મૌન પાળી સૌએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સમગ્ર વાતાવરણ દેશભક્તિના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું અને ઉપસ્થિત સૌએ દેશના અમર શહીદોને નમન કરી તેમની વીરગાથાને ચિરંજીવ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમમાં માનવ સેવા મંડળના પ્રમુખ રમેશભાઈ ચૂડાસમા, પી.બી. સોલંકી, બાબુભાઈ બારૈયા, કિરીટભાઈ જોષી, સુરેશભાઈ ગઢવી, મહેશભાઈ રાજ્યગુરુ, તુષારભાઈ જોષી, ભરતભાઈ બારૈયા, શંકરભાઈ સોલંકી, કિશોરભાઈ ભટ્ટ સહિત વિવિધ સમાજના આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS


તારીખ : 28/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ભાવભીની હૃદયાંજલિ



## સ્વ. મનસુખભાઈ નાગજીભાઈ રામાણી-વંડા

અમારા સૌના આદરણીય માર્ગદર્શક સ્વ. મનસુખભાઈ નાગજીભાઈ રામાણી આપના દુઃખદ અવસાનથી અમે સૌ ઘેરા શોકની લાગણી અનુભવીએ છીએ. શિક્ષણક્ષેત્રે આપનું નિઃસ્વાર્થ યોગદાન અને અમો વિદ્યાર્થીઓ પ્રત્યેનો આપનો અસીમ સ્નેહ અમારા હૃદયમાં કાયમ જીવંત રહેશે.આપના ઉચ્ચ આદર્શો, અખૂટ જ્ઞાન અને ઉત્તમ સંસ્કારોથી અમારા જેવા અનેક વિદ્યાર્થીઓનું ઉજ્જવળ જીવન ઘડાયું છે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચરણોમાં સ્થાન આપી પરમ શાંતિ અર્પે અને પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી અંતકરણપૂર્વકની પ્રાર્થના.ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

લિ.શ્રી કર્મયોગ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ - વંડા (કર્મયોગ ગ્રુપ)
(શાળા વિકાસ તેમજ આર્થિક પછાત વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય માટેનું શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંગઠન, શ્રી પી.પી.એસ. હાઈસ્કૂલ - વંડા.)

PAN : ABOTS1951R
DARPAN ID : GJ/2026/1052051

રજી.નં. : ઈ/2650/અમરેલી
તારીખ : 26/02/2026

તારીખ : 28/07/2026

# સાવરકુંડલામાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી થશે.



ભારતીય સંસ્કૃતિમાં ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સમાન સ્થાન આપવામાં આવ્યું છે. આવા પવિત્ર ગુરુપૂર્ણિમા મહાપર્વ નિમિત્તે સાવરકુંડલા શહેર અને તાલુકાભરમાં ભક્તિમય માહોલ સર્જાયો છે. શહેરના વિવિધ મંદિરો, આશ્રમો, સંતોના નિવાસસ્થાનો તેમજ વિવિધ ધાર્મિક સંસ્થાઓમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી થશે.ગુરુપૂર્ણિમાના પાવન અવસરે વહેલી સવારથી જ ભક્તો પોતાના ગુરુ, સંતો-મહંતો અને આધ્યાત્મિક માર્ગદર્શકોના દર્શન માટે ઉમટી પડશે. અનેક સ્થળોએ ગુરુપૂજન, પાદુકા પૂજન, આશીર્વચન, ધૂન-ભજન, સત્સંગ, ધાર્મિક પ્રવચનો, શાસ્ત્રવાંચન, ભજન સંધ્યા અને મહાપ્રસાદના કાર્યક્રમો યોજાશે. ભક્તો પોતાના ગુરુને પુષ્પહાર, શાલ, ફળ તથા અન્ય ભેટ અર્પણ કરીને આશીર્વાદ પ્રાપ્ત કરશે.સાવરકુંડલાના વિવિધ મંદિરો, સ્વામિનારાયણ સંસ્થાઓ, આશ્રમો તેમજ અન્ય ધાર્મિક કેન્દ્રોમાં દિવસભર ભક્તોની અવરજવર રહેવાની સંભાવના છે. અનેક પરિવારો વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ પોતાના ગુરુના દર્શન કરી તેમની પાસે આધ્યાત્મિક માર્ગદર્શન મેળવશે. ઘણા સ્થળોએ સામૂહિક ગુરુવંદના, સંતવાણી અને ભક્તિમય સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.ગુરુપૂર્ણિમા માત્ર ધાર્મિક પર્વ જ નહીં પરંતુ જીવનમાં જ્ઞાન, સંસ્કાર અને સદાચારનો માર્ગ બતાવનારા ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ માનવામાં આવે છે અને ગુરુના માર્ગદર્શનથી જ જીવનને સાચી દિશા પ્રાપ્ત થાય છે તેવી માન્યતા છે.ગુરુપૂર્ણિમાના આ પવિત્ર પર્વે સાવરકુંડલા શહેર અને તાલુકાભરમાં ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનો અનોખો માહોલ સર્જાશે. મંદિરો અને આશ્રમોમાં યોજાનારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાઈ ગુરુના આશીર્વાદ પ્રાપ્ત કરશે.

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ક્રેઝી

## ગરબા ક્લાસિસ

**સાવરકુંડલાનું વર્ષોથી જાણીતું અને વિશ્વાસપાત્ર નામ**

બાળકો * યુવતીઓ

મહિલાઓ માટે અલગ બેચ

ફુલ એન્જોયમેન્ટ અને મસ્તી સાથે પ્રેક્ટિસ

Friendly અને Positive વાતાવરણ

ફાઈનલ ગરબા સેલિબ્રેશન



**સમય : Kids- 7 થી 8**

**Girls - 6 થી 7 * Ladies - 5 થી 6**

"આજે જ જોડાઓ અને ગરબાના તાલ માં ઝૂમી ઉઠો!"

**સંપર્ક : ઈશિકા દેસાણી - 7801944505**

**ખુશી રાઠોડ - 9409060574**

**સ્થળ : શ્રી સઈ સુથાર જ્ઞાતિ વાડી (હિંગુવાડી), પોસ્ટ ઓફિસ રોડ, સાવરકુંડલા**

કે.ડી. NEWS

તારીખ : 28/07/2026

# દામનગરમાં 84મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

## જરૂરિયાતમંદ દર્દીઓને મોતીયાના વિનામૂલ્યે ઓપરેશન માટે રાજકોટ લઈ જવાની વ્યવસ્થા



અમરેલી જિલ્લાના દામનગર ખાતે સિનિયર સિટિઝન ટ્રસ્ટ, ગાયત્રી મંદિર અને ભૂરખિયા હનુમાનજી મંદિરના સંયુક્ત ઉપક્રમે બુધવાર, તા. 29 જુલાઈના રોજ 84મા વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ સવારે 9:30 વાગ્યાથી બપોરે 12:00 વાગ્યા સુધી ગાયત્રી મંદિર, દામનગર ખાતે યોજાશે.આ કેમ્પમાં રાજકોટ સ્થિત રણછોડદાસજી બાપુ આંખની હોસ્પિટલના નિષ્ણાત નેત્રરોગ તબીબોની ટીમ દ્વારા દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવશે તથા જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.કેમ્પ દરમિયાન મોતીયાની તકલીફ ધરાવતા અને ઓપરેશન માટે યોગ્ય જણાતા દર્દીઓને વિનામૂલ્યે રાજકોટ લઈ જઈ ઓપરેશન કરવાની વ્યવસ્થા પણ આયોજકો દ્વારા કરવામાં આવશે.આયોજકોએ આંખ સંબંધિત કોઈપણ પ્રકારની તકલીફ ધરાવતા દર્દીઓ તેમજ નાગરિકોને આ વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો છે.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 28/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%
www.headway.guru
9081241916

## સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ સમૃદ્ધિ મહોત્સવ મહાઉત્સવ- 2026 આવી રહ્યો છે.




ઉજવણીની દરેક ખુશીને બનાવો વધુ ખાસ
શ્રી ગોકુલ જ્વેલર્સ સાથે...

# એડવાન્સ બુકીંગ શરૂ...

**દરેક રૂા. 10000 ની ખરીદી પર મેળવો 1 લકકી ડ્રો કુપન જેમાં કુલ 9999 આકર્ષક ઇનામો..**

આ વર્ષે ખરીદી માત્ર આભુષણોની નહીં સુવર્ણ તકની છે.

GJ

સંપુર્ણ પારદર્શિતા સાથે વેપાર

## શ્રી ગોકુલ જ્વેલર્સ
એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : 222195. મો. 95373 12695

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 28/07/2026

# ધોરણ-1માં પ્રવેશ માટે બાલવાટિકા કે પ્રી-સ્કૂલનું પ્રમાણપત્ર ફરજિયાત નહીં,

## સરકારનો તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને સ્પષ્ટ આદેશ; નિયમનો ભંગ કરનાર શાળાઓ સામે આરટીઈ મુજબ કાર્યવાહી થશે




રાજ્યમાં ધોરણ-1માં પ્રવેશ પ્રક્રિયા દરમિયાન વાલીઓને અનાવશ્યક મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે હેતુથી પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ (DEO) અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ (DPEO)ને મહત્વપૂર્ણ સૂચનાઓ આપવામાં આવી છે.આદેશ મુજબ, ધોરણ-1માં પ્રવેશ માટે બાળક પાસેથી બાલવાટિકા, પ્રી-સ્કૂલ, નર્સરી, જુનિયર કે.જી. અથવા સિનિયર કે.જી.માં અભ્યાસ કર્યો હોવાનો કોઈપણ પ્રકારનો પ્રમાણપત્ર કે સર્ટિફિકેટ માંગવું ફરજિયાત નથી. કોઈપણ શાળા આવા પ્રમાણપત્રના અભાવે બાળકને પ્રવેશ આપવાનો ઈનકાર કરી શકશે નહીં.પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીએ સ્પષ્ટ કર્યું છે કે શિક્ષણનો અધિકાર અધિનિયમ (R T E ) ની જોગવાઈઓ મુજબ પાત્ર બાળકને ધોરણ-1માં પ્રવેશ મેળવવાનો અધિકાર છે. જો કોઈ સરકારી, અનુદાનિત અથવા ખાનગી શાળા બાલવાટિકા કે પ્રી-સ્કૂલનું પ્રમાણપત્ર ફરજિયાત ગણાવી પ્રવેશ આપવાનો ઈનકાર કરશે અથવા વાલીઓને અનાવશ્યક દસ્તાવેજો માટે દબાણ કરશે, તો સંબંધિત શાળા સામે આરટીઈની જોગવાઈઓ મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.આ અંગે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને પોતાના જિલ્લાના તમામ શાળા સંચાલકો અને આચાર્યો સુધી આ સૂચનાઓ તાત્કાલિક પહોંચાડવા તેમજ તેનો કડક અમલ સુનિશ્ચિત કરવા જણાવાયું છે.સરકારના આ નિર્ણયથી હજારો વાલીઓને મોટી રાહત મળશે. ખાસ કરીને એવા બાળકો, જેમણે કોઈ પ્રી-સ્કૂલ અથવા બાલવાટિકામાં અભ્યાસ કર્યો નથી, તેઓ પણ કોઈપણ પ્રકારના પ્રમાણપત્ર વિના ધોરણ-1માં સરળતાથી પ્રવેશ મેળવી શકશે. રાજ્ય સરકારે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે દરેક બાળકને શિક્ષણનો સમાન અધિકાર છે અને કોઈપણ બાળક માત્ર પ્રી-સ્કૂલના પ્રમાણપત્રના અભાવે શિક્ષણથી વંચિત ન રહે.

તારીખ : 28/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સ્ટાફની જરૂર છે...

**સાડી શો-રૂમ માં ગ્રાહકોને સાડી બતાવવા અને સેલ્સના કામ માટે સ્માર્ટ અને ઉત્સાહી લેડીઝ સ્ટાફની જરૂર છે.**

**(અનુભવી તેમજ ફ્રેશર આવકાર્ય)**

**મો. 9428273705**

કે.ડી. NEWS

તારીખ : 28/07/2026

# વિજપડીમાં નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો, ૩૫ દર્દીઓને મોતિયાના નિ:શુલ્ક ઓપરેશન માટે રિફર કરાયા



સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે અંબુજા ફાઉન્ડેશનના સહયોગથી રણછોડદાસજી ચેરિટેબલ ટ્રસ્ટ અને માધવ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારના લોકોને ગુણવત્તાસભર અને સુલભ નેત્ર સારવાર ઉપલબ્ધ કરાવવાનો હતો.કેમ્પ દરમિયાન ૧૦૦થી વધુ દર્દીઓની આંખોની નિ:શુલ્ક તપાસ કરવામાં આવી હતી. નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા દર્દીઓનું નેત્ર નિદાન કરી જરૂરી તબીબી માર્ગદર્શન તેમજ સારવાર અંગે સલાહ આપવામાં આવી હતી.તપાસ દરમિયાન મોતિયાની તકલીફ ધરાવતા ૩૫ દર્દીઓની ઓળખ કરવામાં આવી હતી. આ તમામ દર્દીઓને નિ:શુલ્ક મોતિયાના ઓપરેશન તથા વધુ સારવાર માટે સંસ્થાની વિશેષ બસ મારફતે હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા.આ નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પના આયોજનથી વિજપડી તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘરઆંગણે આરોગ્ય સેવાનો લાભ મળ્યો હતો. આયોજકોના આ સેવાકીય પ્રયાસને ગ્રામજનોએ આવકારી પ્રશંસા વ્યક્ત કરી હતી.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 28/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક




## અઢળક કેકની વેરાયટીઓ

New collection

**મેરેજ બોક્સ - ડ્રાયફ્રૂટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી**

**અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.**




બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં | **લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા

## લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

કે.ડી. NEWS

તારીખ : 28/07/2026

# 07 ઓગસ્ટથી દર શુક્રવારે વેરાવળથી પ્રયાગરાજ માટે ચાલશે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન



યાત્રિયોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા વેરાવળ–પ્રયાગરાજ–વેરાવળ વચ્ચે વિશેષ ભાડા પર ટ્રેન ઑન ડિમાન્ડ (T O D) સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે બોર્ડની મંજૂરી અનુસાર આ વિશેષ ટ્રેન ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં કુલ આઠ-આઠ ફેરા માટે સંચાલિત કરવામાં આવશે.ટ્રેન નંબર 04174 વેરાવળ–પ્રયાગરાજ સ્પેશિયલ દર શુક્રવારે રાત્રે 22:00 વાગ્યે વેરાવળથી પ્રસ્થાન કરશે અને રવિવારે સવારે 05:50 વાગ્યે પ્રયાગરાજ પહોંચશે. જ્યારે ટ્રેન નંબર 04173 પ્રયાગરાજ–વેરાવળ સ્પેશિયલ દર ગુરુવારે સવારે 10:10 વાગ્યે પ્રયાગરાજથી પ્રસ્થાન કરીને બીજા દિવસે સાંજે 18:15 વાગ્યે વેરાવળ પહોંચશે.આ ટ્રેન 06 ઓગસ્ટથી 24 સપ્ટેમ્બર, 2026 સુધી પ્રયાગરાજથી તથા 07 ઓગસ્ટથી 25 સપ્ટેમ્બર, 2026 સુધી વેરાવળથી ચાલશે. ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર તથા જનરલ કોચ ઉપલબ્ધ રહેશે.માર્ગમાં આ વિશેષ ટ્રેન જૂનાગઢ, નવાગઢ, રાજકોટ, વાંકાનેર, થાન, સુરેન્દ્રનગર જંક્શન, વિરમગામ, મહેસાણા, પાલનપુર, આબુરોડ, સુમેરપુર જવાઈ બાંધ, ફાલના, મારવાડ જંક્શન, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, ઈદગાહ આગરા જંક્શન, ટૂંડલા જંક્શન, ઈટાવા જંક્શન, ગોવિંદપુરી અને ફતેહપુર સ્ટેશનો પર રોકાશે.ટ્રેન નંબર 04174 માટે ટિકિટ બુકિંગ 30 જુલાઈ, 2026 (ગુરુવાર)થી તમામ યાત્રી આરક્ષણ કેન્દ્રો તથા I R C T C ની સત્તાવાર વેબસાઈટ પર શરૂ થશે.મુસાફરોને ટ્રેનના સમયપત્રક, સ્ટોપેજ અને કોચ રચના અંગેની વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે.મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ મુસાફરોને અપીલ કરી છે કે તેઓ આ વિશેષ ટ્રેન સેવાનો મહત્તમ લાભ લઈ પોતાની મુસાફરીને વધુ સરળ અને સુવિધાજનક બનાવે.અતુલ કુમાર ત્રિપાઠી વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધકપશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 28/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કાઉન્ટર વેચવાના છે...

## રેડીમેઈડ દુકાનને લગતા ૨ કાઉન્ટર વેચવાના છે...

: સંપર્ક :

મો. 73831 90559

તારીખ : 28/07/2026

# જાળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સગર્ભા અને ધાત્રી માતાઓને પૌષ્ટિક આહાર કિટનું વિતરણ



જાળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિઝન ફોર વાઈલ્ડ લાઈફ કાર્યક્રમ અંતર્ગત પરપ્રાંતીય શ્રમિક પરિવારોની સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને પોષણયુક્ત આહાર ઉપલબ્ધ કરાવવાના હેતુથી ખજૂર, ગોળ તેમજ સિંગ-દાળિયાની પૌષ્ટિક આહાર કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે વાડી વિસ્તારમાં વસવાટ કરતા પરિવારોને વન્યજીવો સાથે સુરક્ષિત સહજીવન જાળવવા અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત સરકારી આરોગ્ય સેવાઓનો વધુમાં વધુ લાભ લેવા, સગર્ભા માતાઓની નિયમિત આરોગ્ય તપાસ, બાળકોના શિક્ષણ, યોગ્ય પોષણ અને બાળ ઉછેર અંગે પણ વિસ્તૃત માહિતી આપી જાગૃતિ લાવવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન સ્વર્ગસ્થ વિનોદરાય રતિલાલ મસરાણીની સેવાભાવનાને ભાવપૂર્વક યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમ જાળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફના સહયોગથી સફળતાપૂર્વક યોજાયો હતો. ઉપસ્થિત લાભાર્થીઓએ આ પ્રકારના પોષણ અને જાગૃતિ અભિયાનને આવકારતા આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

તારીખ : 28/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

હવે બનશે આપના **ધંધા** ની

# ડીઝીટલ પ્રોફાઇલ

## દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ

## જેમાં આપને મળશે..

* તમારો પોતાનો ડીઝીટલ સ્ટોર
* તમારા ધંધાનું ઓનલાઇન માર્કેટ
* ગ્રાહકો સાથે સીધી વાત
* ઓર્ડર અને ગ્રાહકોનો સરળ રેકોર્ડ
* મોબાઈલમાં સરળ અને ઝડપી મેનેજમેન્ટ
* ગ્લોબલ ટાર્ગેટ ઓડીયન્સ
* વિશ્વસનીય, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર

## મુખ્ય સુવિધાઓ

* અનલિમિટેડ કેટેગરીઝ & પ્રોડકટ
* વિડીયો ગેલેરી
* કોન્ટેકટ ડીટેઇલ્સ
* વોટ્સઅપ ડાયરેકટ ચેર
* કિલક ટુ કોલ
* ગુગલ મેપ લોકેશન
* બિઝનેસ માહિતી અપડેટ કરવાની સુવિધા
* કસ્ટમર રિવ્યુઝ
* સોશયલ મિડીયા લિંક્સ
* મોબાઈલ ફ્રેન્ડલી ડીઝાઈન

વધુ વિગત માટે વાંચતા રહો...

પ્રચાર નહીં તો વ્યાપાર નહીં...

પ્રકાશ પ્રિન્ટર્સ

# તમારા બિઝનેસ લોગો અને ડિટેલ સાથે પોસ્ટર મેળવો

માત્ર **249** 1 વર્ષ

**7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ**
(આપની ચોઈસની)

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે

**સાથે મેળવો**

અમરેલી જિલ્લાની વોટ્સેપ તેમજ કોલીંગ ડીરેક્ટરી
અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....

દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બર્સશીપ લીધેલ)
આકર્ષક ભેટ આપવામાં આવશે.

તો આજેજ ડાઉલોડ કરો આપનાં એન્ડ્રોઇડ
મોબાઈલનાં પ્લેસ્ટોરમાં જઈને

**PRAKASH PRINTERS**

વધારે માહીતી માટે સંપર્ક - મો. 9409545745

તારીખ : 28/07/2026

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# HAPPY BIRTHDAY



## શ્રી ધીરુભાઈ દુધવાળા

### માજી કૃષિમંત્રીશ્રી

HAPPY BIRTHDAY



કે.કે NEWS ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 28/07/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"ગુણવાનને સ્તુતિ નથી ગમતી અને સ્તુતિને ગુણહીન નથી ગમતો એ તો સમજાય છે, પણ નિંદકને ગુણો નથી ગમતા અને દોષોને નિંદક ગમ્યા વિના નથી રહેતો, આ સત્યને સમજતાં અને સ્વીકારતાં તો નવનેજાં પાણી ઊતરી જાય છે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 28/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# 28 જુલાઈ

# મહત્વની ઘટનાઓ

૧૯૧૪ – પ્રથમ વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો.

૧૯૮૪ – ઓલિમ્પિક રમતો: ૨૩મી ઓલિમ્પિયાડની રમતો: લોસ એન્જલસમાં ગ્રીષ્મ ઓલિમ્પિક્સ શરૂ કરવામાં આવ્યો.

૨૦૧૭ – પાકિસ્તાનના વડા પ્રધાન નવાઝ શરીફને ભ્રષ્ટાચારના આરોપમાં દોષી ઠેરવ્યા બાદ પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે તેમને હોદ્દા પરથી આજીવન ગેરલાયક ઠેરવ્યા.

## જન્મ

૧૯૦૫ – કે. કા. શાસ્ત્રી, ગુજરાતી ભાષાના બહુશ્રુત વિદ્વાન (અ. ૨૦૦૬)

૧૯૦૭ – એવી મેયપ્પન, ભારતીય ફિલ્મ નિર્માતા, દિગ્દર્શક (અ. ૧૯૭૯)

૧૯૪૦ – અનિલ જોશી, ગુજરાતી નિબંધકાર અને કવિ

## અવસાન

૧૭૫૦ – જોહાન સેબેસ્ટિયન બાચ, બેરોક સમયગાળાના જર્મન સંગીતકાર (જ. ૧૬૮૫)

૧૯૪૬ – સંત આલ્ફોન્સા, ભારતીય મૂળની પ્રથમ મહિલા જેઓ કેથોલિક ચર્ચ દ્વારા સંત તરીકે કેનોનાઈઝ કરવામાં આવ્યા. (જ. ૧૯૧૦)

૨૦૧૪ – અશ્વિન મહેતા, સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા ગુજરાતી છાયાચિત્રકાર (જ. ૧૯૩૧)

૨૦૧૬ – મહાશ્વેતા દેવી, ભારતીય બંગાળી લેખક અને સામાજિક-રાજકીય કાર્યકર્તા (જ. ૧૯૨૬)

## તહેવારો અને ઉજવણીઓ

વિશ્વ હિપેટાઈટીસ દિવસ

તારીખ : 28/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




76K

53K

39K

100K

સંપર્ક : મો. 94997 97973